# ધાનેરા મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ

(રજિસ્ટર્ડ હેડ ઓફિસ: માર્કેટ યાર્ડ ધાનેરા, જિ. બનાસકાંઠા -૩૮૫૩૧૦)

## જાહેરાત

આથી જાહેર જનતા, જમીન માલિકો તથા અધિકૃત પાવર ઓફ એટર્ની ધારકોને જણાવવાનું કે, ધાનેરા મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ ના હેડ ઓફિસ બિલ્ડિંગના નિર્માણ અર્થે ધાનેરા નદીના પુલથી કારગિલ હોટલ થઈ રેલ્વે પુલ થી સામરવાડા બાજું ધાનેરા રોડની હદ સુધીમાં તથા કારગિલ હોટલ થી સરાલ પાટિયા સુધી થરાદ હાઇવે હદમાં આવતા મેઈન રોડ ટચ આશરે ૧૦,૦૦૦ ચોરસ ફૂટ ની આસપાસ સુધીનો સંપૂર્ણ ટાઈટલ ક્લિયર પ્લોટ ખરીદવા માટે સીલબંધ કવરોમાં દરખાસ્તો મંગાવવામાં આવે છે.

રસ ધરાવતા પક્ષકારોએ સીલબંધ કવરમાં અરજી તૈયાર કરી તેના પર સ્પષ્ટ અક્ષરે " હેડ ઓફિસ બિલ્ડિંગ માટે જમીનની ઓફર " લખીને આ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૨૦ દિવસની અંદર બેંકની હેડ ઓફિસના ઉપર દર્શાવેલ સરનામે સમયસર પહોંચાડવાની રહેશે. અરજી કરવા માટે જરૂરી શરતો તથા જરૂરી માહિતી માટે બેંકની વેબસાઇટ https://dmc.bank.in પર મૂકવામાં આવેલ જાહેરાત વાંચી લેવી.અધૂરી કે વિલંબિત દરખાસ્તો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

કોઈ પણ દરખાસ્તને કારણ આપ્યા વિના સ્વીકારવાનો કે નકારવાનો સંપૂર્ણ અબાધિત અધિકાર બેંકની વહીવટી સમિતિ/બોર્ડ પાસે રહેશે.

ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર
ધાનેરા મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેંક લિ.

સ્થળ : ધાનેરા

તારીખ :૧૫/૧૦/૨૦૨૬

DHANERA MERCANTILE CO. OP. BANK LTD. DHANERA B. K.

Scanned with OKEN Scanner

**ધાનેરા મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેંક લિ.**

હેડ ઓફિસ : માર્કેટ યાર્ડ ધાનેરા, જિ. બનાસકાંઠા, ગુજરાત ૩૮૫૩૧૦

## જાહેરાત

## હેડ ઓફિસ બિલ્ડિંગના નિર્માણ માટે જમીન ખરીદવા અંગે

ધાનેરા મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેંક લિ. દ્વારા ધાનેરા શહેર ખાતે બેંકની હેડ ઓફિસ બિલ્ડિંગના નિર્માણ માટે યોગ્ય જમીન ખરીદવાની છે. આ અંગે રસ ધરાવતા જમીન માલિકો / અધિકૃત પ્રતિનિધિઓ પાસેથી લેખિત દરખાસ્તો મંગાવવામાં આવે છે.

### જમીનની જરૂરીયાત

• ક્ષેત્રફળ : આશરે 10,000 ચો.ફુટ.

• સ્થળ : ધાનેરા શહેરમાં (ડીસા નેનાવા હાઈવે રોડ – સામરવાડા બાજુ ધાનેરા ની હદથી રેલ નદી ના પુલ સુધી અને ધાનેરા થરાદ હાઇવે રોડ ઉપર કારગિલ હોટલ થી સરાલ પાટીયા સુધી) યોગ્ય સ્થળે આવેલ જમીન.

• સારા રોડ કનેક્ટિવિટી તથા પૂરતી ફ્રન્ટેજ ધરાવતી જમીનને પ્રાધાન્ય આપવામાં આવશે.

### જરૂરી શરતો તથા માપદંડ

• જમીનનો માલિકી હક સ્પષ્ટ, નિર્વિવાદ અને વેચાણયોગ્ય હોવો જોઇએ.

• જમીન NA (Non Agricultural) કરેલી હોવી જોઈએ અને કોમર્શિયલ ઉપયોગ માટે યોગ્ય હોવી જોઈએ.

• જમીન કોઈપણ પ્રકારના બોજા, વિવાદ, ચાર્જ, લિયન, ગીરો અથવા કોર્ટ કેસથી મુક્ત હોવી જોઇએ.

• જમીન સંબંધિત તમામ માલિકી હક તથા કાયદેસરના દસ્તાવેજો ઉપલબ્ધ અને રજૂ કરવા યોગ્ય હોવા જોઇએ.

• જમીનની ખરીદી કાયદેસરની ચકાસણી, ટાઇટલ વેરિફિકેશન, વેલ્યુએશન, જરૂરી ડ્યુ ડિલિજન્સ તથા બેંકની સક્ષમ સત્તાની મંજૂરીને આધીન રહેશે.

• બેંકને મળેલ કોઈપણ અથવા તમામ ઓફરો સ્વીકારવાનો, નામંજૂર કરવાનો અથવા યોગ્ય જણાય તે ઓફર પર આગળની કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે.

• ઓફર સ્વીકારવાથી જમીન ખરીદવાનો અંતિમ કરાર થયેલ માનવામાં આવશે નહીં. અંતિમ ખરીદી બેંકની મંજૂરી તથા જરૂરી કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ કરવામાં આવશે.

### ઓફરમાં રજૂ કરવાની વિગતો

• જમીનનું સંપૂર્ણ સ્થળ / સરનામું.

• ક્ષેત્રફળ તથા માપની વિગતો.

• સર્વે નંબર / બ્લોક નંબર તથા અન્ય જમીન ઓળખ વિગતો.

• જમીન માલિક / માલિકોની સંપૂર્ણ વિગતો.

• અપેક્ષિત વેચાણ કિંમત તથા અન્ય લાગુ પડતી શરતો.

• સંપર્ક નંબર અને ઇ-મેઇલ (હોય તો).

• સંબંધિત માલિકી તથા કાયદેસરના દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત નકલો.

### ઓફર રજૂ કરવાની રીત

લિફાફા ઉપર સ્પષ્ટપણે : " હેડ ઓફિસ બિલ્ડિંગ માટે જમીનની ઓફર" લખવાનું રહેશે.

ઓફર રજૂ કરવાની છેલ્લી તારીખ : ૦૫/૧૧/૨૦૨૬

સમય : સાંજે ૫:૦૦ કલાક સુધી

**ઓફર નીચેના સરનામે રજૂ કરવાની રહેશે :**

**ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર**

ધાનેરા મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેંક લિ.

હેડ ઓફિસ માર્કેટ યાર્ડ ધાનેરા, જિ. બનાસકાંઠા, ગુજરાત ૩૮૫૩૧૦

સંપર્ક નંબર : ૭૫૭૩૦૧૫૮૭૧/૭૨     ઇ-મેઇલ : dmcb.ho@dmc.bank.in

નોંધ : જમીનની પસંદગી બેંકની જરૂરિયાત, કાયદેસર ચકાસણી, ટાઇટલ ક્લિયરન્સ, વેલ્યુએશન, ડ્યુ ડિલિજન્સ તથા સક્ષમ સત્તાની મંજૂરીના આધારે કરવામાં આવશે. બેંકનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

**ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર**
**ધાનેરા મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેંક લિ.**

સ્થળ : ધાનેરા
તારીખ : 15/10/2026

DHANERA MERCANTILE CO. OP. BANK
DHANERA B. K.

Scanned with OKEN Scanner